સામાજિક અને શૈક્ષણિકરીતે પછાત વર્ગોના
વિદ્યાર્થીઓને વિદેશ ઉચ્ચ અભ્યાસ માટે લોન
યોજનાના અમલીકરણમાં સુધારો કરવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃસશપ/૧૫/૨૦૧૨/૨૦૬૨૯૬/અ
સચિવાલય,ગાંધીનગર.
તા. ૨૮ /૮/૨૦૧૨

વંચાણે લીધાઃ-

(૧) સા.ન્યા.અને અ.વિ.ના ઠરાવ ક્રમાંકઃસશપ/૧૧૨૦૦૦/ન.બા. ૧/અ, તા.૩/૧૨/૨૦૦૧

(૨) નિયામકશ્રી વિકસતી જાતિ કલ્યાણ ખાતાના તા.૫/૩/૨૦૧૨નો પત્ર ક્રમાંકઃવિજાક/ શિક્ષણ/ વિ.અ.લોન/૧૧-૧૨/૫૮૩

ઠરાવઃ-

સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત જાતિના લોકોની આર્થિક પરીસ્થિતિના કારણે તેજસ્વી કારકીર્દી ધરાવતા વિદ્યાર્થીઓ ઉચ્ચ અભ્યાસ માટે વિદેશ જઇ શકતા નથી. આથી સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત જાતિના વિદેશમાં ઉચ્ચ અભ્યાસ કરવા ઇચ્છુક વિદ્યાર્થીઓને તે માટે લોન આપવાની રાજ્ય સરકારની યોજના વંચાણમાં લીધેલ ક્રમાંકઃ૧માં દર્શાવેલ વિભાગના તા.૩/૧૨/૨૦૦૧ના ઠરાવથી અમલમાં છે. તે યોજનામાં કેટલાક સુધારા કરવા માટે ઉપર વંચાણમાં લીધેલ ક્રમાંકઃ૨ થી નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતા ધ્વારા સુધારા સુચવવામાં આવેલ હતા. આ સુચવવામાં આવેલ સુધારાઓ પૈકી પુખ્ત વિચારણા બાદ નીચે મુજબ સુધારો કરવામાં આવે છે.

(૨) આ યોજના મુજબ હાલમાં ધોરણ-૧૨માં ૫૦ % કે તેથી વધુ ગુણ મેળવનાર સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત જાતિના વિદ્યાર્થીઓને ડીપ્લોમા કે તેની સમકક્ષ તાંત્રિક અભ્યાસક્રમ માટે ધોરણ-૧૨ પછી ટેકનીકલ અને પ્રોફેશનલ અભ્યાસક્રમ માટે લોન આપવામાં આવે છે. આ ઠરાવમાં ધોરણ-૧૨ પાસ જણાવવામાં આવેલ છે. આ બાબતે શિક્ષણ વિભાગના તા.૨/૬/૨૦૧૧ના ઠરાવથી જે વિદ્યાર્થીઓએ ધો.૧૦ પાસ કર્યા પછી આઇ.ટી.આઇ. નો બે વર્ષનો અથવા તેથી વધુ સમયનો માન્યતા પ્રાપ્ત કોર્સ કરેલ હોય અને તેમાટેની નેશનલ કાઉન્સીલ ફોર વોકેશનલ ટ્રેનીંગ(એન.સી.વી.ટી.) અથવા ગુજરાત કાઉન્સીલ ફોર વોકેશનલ ટ્રેનીંગ (જી.સી.વી.ટી.)ની પરીક્ષા પાસ કરેલ હોય તો તે વિદ્યાર્થીઓ પોતાની પસંદગી અનુસાર ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની ધો.૧૨ ની અથવા ગુજરાત ઓપન સ્કુલ એક્ઝામીનેશનની અંગ્રેજી વિષયની પરીક્ષા પાસ કરે તો તે વિદ્યાર્થીઓને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ પછીના અભ્યાસક્રમોમાં પ્રવેશના હેતુસર ધો.૧૨ ની સમકક્ષ ગણવામાં આવશે. અને જે વિદ્યાર્થીઓએ ધો.૧૦ પછી

પોલીટેકનીકમાં ત્રણ વર્ષનો ડીપ્લોમા કોર્સ કરેલ હોય તે વિદ્યાર્થીઓને કોલેજમાં પ્રવેશ માટે ધો.૧૨ ની સમકક્ષ ગણવામાં આવશે.

(3) આ રીતે શિક્ષણ વિભાગના ઉપરોકત ઠરાવમાં જોગવાઇ થયા મુજબ ધો.૧૦ પછીના ઉકત અભ્યાસક્રમવાળા વિદ્યાર્થીઓને ધો.૧૨ સમકક્ષ ગણીને વિદેશ અભ્યાસની લોન યોજનામાં ૫૦ % કે તેથી વધુ ટકા સાથે પાસ કરેલ હોય તેવા વિદ્યાર્થીઓને આ યોજનાનો લાભ આપવાનો સુધારો કરવામાં આવે છે.

(૪) વિદેશ અભ્યાસ લોનના ઠરાવની અન્ય શરતો યથાવત રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

જે.વી.દેસાઇ

ઉપસચિવ

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

માન.રાજ્યપાલશ્રીના સચિવશ્રી,રાજભવન,ગાંધીનગર
માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર
માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગતસચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર
માન.રા.ક.મંત્રીશ્રી(સા.શૈ.પ.વ.)ના અંગતસચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર
માન.વિરોધપક્ષના નેતાના અંગતસચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર
નિયામકશ્રી,વિકસતી જાતિ કલ્યાણ,ગાંધીનગર
નિયામકશ્રી,અનુસૂચિત જાતિ કલ્યાણ,ગાંધીનગર
કમિશ્નરશ્રી,આદિજાતિ વિકાસ,ગાંધીનગર
સર્વે જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ(વિકસતી જાતિ)
સર્વે જિલ્લા નાયબ નિયામકશ્રીઓ(વિકસતી જાતિ)
મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ,ગાંધીનગર
મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ,ગાંધીનગર
મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત અલ્પ સંખ્યક નાણાં અને વિકાસ નિગમ,ગાંધીનગર
મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત ગોપાલક વિકાસ નિગમ,ગાંધીનગર
મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ,ગાંધીનગર
એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/રાજકોટ
પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર
નિવાસી ઓડીટ અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર
સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ
વિભાગની અ-૧,જ,ગ,બજેટ,સંકલન તથા હ-શાખા
સિલેક્ટ ફાઇલ.